# Meeting between External Affairs Minister and Foreign Minister of Portugal

October 14, 2020

## વિદેશ મંત્રી અને પોર્તુગલનાં વિદેશ મંત્રી વચ્ચે બેઠક

ઓક્ટોબર 14, 2020

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે 14 ઓક્ટોબર 2020 નાં રોજ તેઓનાં પોર્તુગીઝ સમકક્ષ પોર્તુગલનાં વિદેશ મંત્રી ઓગસ્ટો સાન્ટોસ સિલ્વા સાથે વર્ચ્યુઅલ બેઠક કરી હતી. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારી દરમિયાન બન્ને દેશો વચ્ચે વ્યાપક સહકાર અને કોવિડ-બાદનાં યુગમાં સહકારની સંભાવનાઓ સહિત દ્વિપક્ષીય જોડાણોની વિગતવાર સમીક્ષા હાથ ધરી હતી. બન્ને મંત્રીઓએ ઉચ્ચ-સ્તરીય મુલાકાતોનાં અવારનવાર આદાનપ્રદાનો દ્વારા પ્રકાશ પાડવામાં આવેલા છેલ્લા કેટલાક વર્ષોમાં દર્શન કરેલા દ્વિપક્ષીય જોડાણોમાં પ્રગતિ થઇ રહેલા વલણની પ્રશંસા કરી હતી. તેઓ સંમત થયા હતા કે ખાસ કરીને સ્થળાંતરણ અને તરલતા ભાગીદારી, સંરક્ષણ સહકાર અને આર્થિક જોડાણો મજબૂત કરવા જેવા સહકારનાં ક્ષેત્રોમાં જોડાણોમાં વેગ જાળવી રાખવામાં આવશે. નેતાઓએ ભારત -યુરોપીયન યુનિયન વચ્ચેનાં સંબંધોની પણ ચર્ચા કરી હતી અને જેનાં માટે વડાપ્રધાન એન્ટોનિયો કોસ્ટાએ વડાપ્રધાન મોદીને આમંત્રણ પાઠવ્યું છે તેવી 2021 માં પોર્તુગલની અધ્યક્ષતામાં યોજાનાર આગામી ભારત યુરોપીયન યુનિયન27 નેતાઓની બેઠક માટે નિકટ રીતે કાર્ય કરવા સંમત થયા હતા. તેઓએ સુધારેલી બહુપક્ષીયતા તરફની તેઓની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી અને ખાસ કરીને 2021 થી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતની હાજરીનાં સંદર્ભ સાથે પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર નજીકનો સંપર્ક અને સંકલન જાળવી રાખવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 14, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.